## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ભોજન પુરુ પાડવા અંગેના  ભાવ–પત્રક બાબત.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે આયોજીત વિવિધ કાર્યક્રમો માટે ભોજન પુરુ પાડવા માટેની કામગીરી માટેના વાર્ષિક કામનાં હેતુ સીલબંધ કવરમાં ભાવ–પત્રકો આમંત્રિત કરવામાં આવે છે. કામગીરીની વિગત આ સાથે સામેલ છે :

| કામનું નામ | **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ભોજન પુરુ પાડવાની કામગીરી માટેના વાર્ષિક ભાવ–પત્રક.** |
|---|---|
| ભાવ–પત્રકો મેળવવાની તારીખ અને સમય | તા. ૨૫/૦૬/૨૦૨૪, સમય : ૧૧:૦૦ કલાકે |
| ભાવ– પત્રકો પરત કરવાની તારીખ અને સમય | તા. ૦૧/૦૭/૨૦૨૪, સમય : સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી |
| ભાવ–પત્રકો સંબંધિત જરુર જણાય તો મુલાકાત સ્થળ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,સેકટર–૨૦, ગાંધીનગર |

ભાવ–પત્રક અંગે વિગતવાર માહિતી મેળવવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબ સાઇટ www.cugujarat.ac.in પરથી તા. ૨૫/૦૬/૨૦૨૪ થી તા. ૦૧/૦૭/૨૦૨૪ સુધીમાં ડાઉનલોડ કરી શકાશે.ભરેલા ભાવ–પત્રકો સીલબંધ કવરમાં કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ–૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ નજીક, સેક્ટર–૨૦, ગાંધીનગર–૩૮૨૦૨૧ ખાતે કુરિયરથી/પોસ્ટથી/રુબરુ મોકલવાનાં રહેશે.

<u>ભાવ–પત્રક ભરનાર માટેની શરતો</u>

૧. આ કામગીરી અંગેના ભાવપત્રક તા. ૦૧/૦૭/૨૦૨૪, સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધીમાં યુનિવર્સિટીની વેબ સાઇટ www.cugujarat.ac.inપરથી મેળવી ભરવાના રહેશે અને નિયત તારીખ સુધીમાં યુનિવર્સિટી ખાતેસીલબંધ કવરમાં પહોચતા કરવાના રહેશે. જેમાં ભાવ પત્રક ફી પેટેનો રૂ.૫૦૦/– નો ડી.ડી. **"ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી"** નાં નામનો જોડવાનો રહેશે.

૨. વર્ક ઓર્ડર મળ્યા બાદ આ કામગીરી **માર્ચ–૨૦૨૫ સુધી** કરવાની રહેશે.

૩. કામગીરી દરમિયાન થયેલ નુકશાન જે–તે એજન્સીએ ભોગવવાનું રહેશે.

૪. નિયત સમય મર્યાદામાં કામગીરી ન થાય તેવા સંજોગોમાં એજન્સીએ પેનલ્ટી ભરવાની રહેશે.

૫. ભાવપત્રકમાં દર્શાવેલ રકમ તમામ કરવેરા સાથેની રહેશે.

૬. ઉપરોક્ત જણાવેલ કામગીરીમા વધ–ઘટ કરવાની સત્તા યુનિવર્સિટીની રહેશે.

૭. કામગીરી કરનાર ઈજારદાર પાસે PAN Card, /GST નોંધણી ફરજીયાત હોવી જોઈએ.

૮. ભાવપત્રકો અંગેનો આખરી નિર્ણય યુનિવર્સિટી ઓથોરીટીનો રહેશે.

૯. આ કામગીરી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે અથવા ગાંધીનગર જિલ્લાની હદમાં યુનિવર્સિટી જણાવે તે સ્થળે કરવાની રહેશે. જો જિલ્લા બહાર કામગીરી કરવાની થાય તે સંજોગોમાં માત્ર ટ્રાન્સપોર્ટેશન બાબતે અગાઉથી યુનિવર્સિટીની મંજુરી મેળવી લેવાની રહેશે. અન્ય વધુ માહિતી/હેતુ માટે કચેરીના સમય દરમિયાન યુનિવર્સિટી ખાતે <u>**એસ્ટેટ શાખાનો**</u> સંપર્ક સાધવો.

૧૦. પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટર ભાવપત્રક મોકલતી વખતે નીચે મુજબની માહિતી મોકલવાની રહેશે.

    ૧) સીલબંધ કવરમાં ભાવપત્રક.

    ૨) કેટરર્સ પેઢીનું FSSAI license સર્ટીફીકેટ અથવા નોંધણીનો આધાર.

    ૩) કેટરર્સ પેઢીનું PAN CARD/GST સર્ટીફીકેટની નકલ

૧૧. જ્યારે પણ જરૂરિયાત ઉભી થશે ત્યારે આપને ટેલિફોનિક અથવા પત્ર દ્વારા જાણ કરવામાં આવશે તે મુજબ આપે કામગીરી ચાલુ કરવાની રહેશે.

૧૨. કામગીરી કરનાર એજન્સીએ સિક્યુરિટી ડીપોઝીટ પેટે **રૂ.૫૦૦૦**/–ની રકમ જમા કરાવવાની રહેશે.

૧૩. ઉપરોક્ત ભાવ–પત્રક પર સ્પષ્ટ <u>**"ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ભોજન પુરુ પાડવા અંગેના ભાવ–પત્રક"**</u> લખવાંનું રહેશે.

કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## <u>પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની વિગત:</u>

૧. કેટરર્સ પેઢીનું નામ અને સરનામુ:

૨. કેટરર્સ પેઢીની માહિતિ :

૩. સંપર્ક નંબર :

૪. ઈ–મેઈલ :

૫. FSSAI license ની વિગત :

૬. પાન કાર્ડ નંબર :

૭. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન નંબર :

૮. કરેલા કામના અનુભવની વિગત :

પાર્ટી/એજન્સી/કોન્ટ્રાકટરની સહી

# Price Bid Format

<table>
<tr><th>ક્રમ</th><th>વિગત</th><th>પ્રતિ ડીશ ભાવ<br>તમામ કરવેરા સાથે</th></tr>
<tr><td>૧.</td><td>ચા અને કોફી<br>રેગ્યુલર નાસ્તો:- નિચેનામાંથી ગમે તે એક
<table>
<tr><td>બટાકાવડા – ચટણી સાથે</td><td>બટાકા પૌઆ</td><td>ઢોકળા</td></tr>
<tr><td>મેથી ગોટા - ચટણી સાથે</td><td>ઉપમા</td><td>સમોસા/કચોરી</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૨.</td><td>ચા અને કોફી<br>હેવી નાસ્તો:- નિચેનામાંથી ગમે તે એક
<table>
<tr><td>મીક્ષ ભજીયા</td><td>ઇડલી - સાંભાર</td><td>મેંદુવડા - સાંભાર</td></tr>
<tr><td>સેવ-ઉસળ</td><td>વાટીદાળનાં ખમણ</td><td>દહીં - થેપલા</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૩.</td><td>સાદું ભોજન ( ફરસાણ અને મિષ્ટાન વગર)<br>૧ શાક, ૧ કઠોળ, રોટલી અથવા ભાખરી અથવા પરોઠા<br>દાળભાત અથવા ખીચડી-કઢી અથવા વેજ. પુલાવ<br>પાપડ, છાસ, સલાડ, અથાણું, મુખવાસ</td><td></td></tr>
<tr><td>૪.</td><td>ભોજન ( ફરસાણ અને મિષ્ટાન સાથે)<br>૧ શાક, ૧ કઠોળ, રોટલી અથવા ભાખરી અથવા પરોઠા<br>દાળભાત અથવા ખીચડી-કઢી અથવા વેજ. પુલાવ<br>પાપડ, છાસ, સલાડ, અથાણું, મુખવાસ<br>સ્વીટ :- નિચેનામાંથી ગમે તે એક
<table>
<tr><td>ગુલાબજાંબુ</td><td>રવાનો શીરો</td><td>બરફી</td></tr>
<tr><td>કેરીનો રસ</td><td>કાલાજામ</td><td>મોહનથાળ</td></tr>
<tr><td>ગરમ મોહનથાળ</td><td>ગાજરનો હલવો</td><td>જલેબી</td></tr>
<tr><td>દુધીનો હલવો</td><td>શિખંડ</td><td>ચુરમાનાં/બુંદીના લાડુ</td></tr>
</table>
ફરસાણ:- નિચેનામાંથી ગમે તે એક
<table>
<tr><td>વાટીદાળના ખમણ</td><td>મિક્ષ ભજીયા</td><td>કુલવડી</td></tr>
<tr><td>કટલેસ</td><td>બટાકાવડા</td><td>પાત્રા</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૫.</td><td>વી. આઇ. પી. ભોજન ( સુપ, સ્ટાર્ટર, ફરસાણ અને ૦૨ મિષ્ટાન સાથે)<br>૧ પનીર ગ્રેવી શાક, ૧ લિલોતરી પંજાબી ગ્રેવીશાક, ૧ કઠોળનું શાક, રોટલી અથવા ભાખરી અથવા પરોઠા અથવા પુરી, દાલ ફ્રાય-જીરા રાઇસ અથવા ખીચડી-કઢી અથવા વેજ. પુલાવ, પાપડ, છાસ, સલાડ, અથાણું, મુખવાસ<br>સ્વીટ :- નિચેનામાંથી ગમે તે બે
<table>
<tr><td>ગુલાબજાંબુ</td><td>રવાનો શીરો</td><td>બરફી</td></tr>
<tr><td>કેરીનો રસ</td><td>કાલાજામ</td><td>મોહનથાળ</td></tr>
<tr><td>ગરમ મોહનથાળ</td><td>ગાજરનો હલવો</td><td>જલેબી</td></tr>
<tr><td>દુધીનો હલવો</td><td>શિખંડ</td><td>ચુરમાનાં/બુંદીના લાડુ</td></tr>
<tr><td>બાસુંદી</td><td>રબડી</td><td>ઠંડાઇ</td></tr>
</table>
ફરસાણ:- નિચેનામાંથી ગમે તે એક
<table>
<tr><td>વાટીદાળના ખમણ</td><td>મિક્ષ ભજીયા</td><td>કુલવડી</td></tr>
<tr><td>કટલેસ</td><td>બટાકાવડા</td><td>પાત્રા</td></tr>
</table>
સુપ:- ગમે તે એક
<table>
<tr><td>ટોમેટો સુપ</td><td>હોટ એન્ડ સોર સુપ</td><td>મનચાઉ સુપ</td></tr>
</table>
સ્ટાર્ટર:- ગમે તે એક
<table>
<tr><td>વેજ. હરાભરા કબાબ</td><td>પનીર ચિલ્લી</td><td>ક્રન્ચી વેજ કપ</td></tr>
<tr><td>વેજ. મંચુરીયન ડ્રાય</td><td>વેજ. મંચુરીયન ગ્રેવી</td><td>ચીઝ બોલ</td></tr>
<tr><td>વેજ. સ્પ્રિંગ રોલ</td><td>પનીર ટિક્કા તંદુરી</td><td>બેબી કોર્ન કપ</td></tr>
</table></td><td></td></tr>
<tr><td colspan="2">કુલ રકમ</td><td></td></tr>
</table>

## સામાન્ય શરતો અને બાહેંધરી પત્રક
## (ભાવ પત્રક અને આ બાહેંધરી પત્રક સહી–સિક્કા સાથે ફરજીયાત જમાં કરાવવાના રહેશે.)

- કાર્યક્રમ દરમિયાન પિવાના પાણીની વ્યવસ્થા જે તે એજન્સી દ્વારા કરવાની રહેશે.
- ભોજન પુરુ પાડવા માટેનું સ્થળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી – સેક્ટર ૨૦ અથવા ગાંધીનગર જિલ્લાની હદમાં કોઇ પણ સ્થળે રહેશે.
- ઉપરોક્ત ભરેલ ભાવો સિવાય કોઇ પણ જાતનો અન્ય કોઇ ખર્ચ જેમ કે, જી.એસ.ટી., લેબર, ક્લીનિંગ ખર્ચ અથવા વાહનભાડું ચુકવવામાં આવશે નહી જે ધ્યાને લઇ ભાવો ભરવાના રહેશે.
- કાર્યક્રમ દરમિયાન પિરસવા માટેના માણસોની વ્યવસ્થા જે તે એજન્સી દ્વારા કરવાની રહેશે.
- કાર્યક્રમ પુર્ણ થયે એંઠવાડ અને કચરાનો યોગ્ય રીતે નિકાલ જે તે એજન્સી દ્વારા કરવાનો રહેશે
- જો ગાંધીનગર જિલ્લા બહાર ભોજન પુરુ પાડવા માટેની જરૂરીયાત ઉભી થાય ત્યારે તે સંજોગોમાં માત્ર ટ્રાન્સપોર્ટેશન બાબતે અગાઉથી યુનિવર્સિટીની મંજુરી મેળવી લેવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે
- આવેદન કરવા માંગતી એજન્સીઓ પાસે સરકારી કચેરી અથવા શૈક્ષણિક સંસ્થાનો કામગીરી કરવા અંગેનો અનુભવ હોય તે ઇચ્છનિય છે.
- બિલ રજૂ કરતી સમયે જે તે જવાબદાર અધિકારીશ્રી પાસેથી કામગીરી સંતોષકારક પુર્ણ કરેલ છે તે બાબતની સહી મેળવી લેવાની રહેશે તેમજ બિલ રજૂ થયે નિયમાનુસાર કપાત કર્યા બાદ બિલનું ચુકવણું કરવામાં આવશે.
- ઉપરોક્ત કામગીરી માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સીને અથવા એક કરતા વધુ એજન્સીને કામ સોંપી શકે તેનો અબાધિત અધિકાર ધરાવે છે.

**SIGNATURE OF AUTHORIZED PERSON WITH SEAL**